
# અરુણ ભટ્ટ
## ગુજરાતી ફિલ્મોના મનમોહન દેસાઈ

☐ શીલા ભટ્ટ

ગુજરાતી ચલચિત્રોનાં નિર્માણની કહાણી પરીકથા જેવી છે. ગુજરાતી ચિત્ર શરૂ થાય અને પૂરું થાય તે વચ્ચે અનેક સાચા, રમૂજી અને કરુણ પ્રસંગો બનતા હોય છે. લોકકથા ઉપર આધારિત ફિલ્મ બનતી હોય ત્યારે ડ્રેસવાળાને ત્યાંથી ભાડે લાવેલી કટાયેલી તલવાર મ્યાનમાંથી માંડ-માંડ બહાર કાઢી શકાય પણ પાછી મ્યાનમાં નાખવી મુશ્કેલ બની જાય. વડોદરામાં ફિલ્મનું શૂટીંગ થતું હોય ત્યારે દસ પાણીદાર ઘોડા શોધવા મુશ્કેલ બનતા હોય છે. જો દિવસભરની શોધખોળ પછી ઘોડો મળે તો તે ખચ્ચર જેવો દેખાતો હોય. એક હુક્કો શોધવા માટે વડોદરા શહેરમાં ચાર માણસ દોડાવવા પડે. ફિલ્મ નિર્માણની આવી રમૂજી વાતો કરવા પાછળનો અમારો ઈરાદો ગુજરાતી ફિલ્મોનું અવમૂલ્યન કરવાનો નથી કારણ કે ગુજરાતમાં વ્યાપારિક ધોરણે ગુજરાતી ફિલ્મોનું મહત્ત્વ તો છે જ.

રાજકોટ શહેરમાં 'શોલે' ફિલ્મ ૫૦ અઠવાડિયા ચાલી હતી. આ ફિલ્મે રાજકોટના વિતરકને રૂા. ૫ લાખ કમાવી દીધા હતા. પણ તે પછી ૧૯૮૧માં રાજકોટમાં અસરાની અને જયશ્રી ટી.ની ભૂમિકાવાળી 'પંખીનો માળો' નામની ગુજરાતી ફિલ્મ આવી. તેણે શોલે કરતાં અર્ધા સમયમાં રૂા. ચાર લાખની કમાણી કરી હતી. આ પંખીના માળાના સર્જક હતા અરૂણ ભટ્ટ. 'ભરત-મિલાપ' 'રામ-રાજ્ય' 'બૈજુ બાવરા' અને 'ગુંજ ઊઠી શહેનાઈ' જેવી લોકહૈયે વસેલી ફિલ્મોના સર્જક વિજય ભટ્ટના દીકરા અરૂણ ભટ્ટે 'વરદાન' નામની

**'ગુજરાતી પ્રજા પોચાં હયાની છે, ધર્મેન્દ્ર દસ વર્ષ મુંબઇમાં ભટક્યો ત્યારે એને માંડ સારી ફિલ્મો મળી. ગુજરાતી યુવાન માંડ દસ દિવસ ભટકી શકશે. કલાકાર બનવા એ સંઘર્ષ નહીં કરે, અને ધારો કે એ સંઘર્ષ કરે તો આપણો સમાજ એને ગાંડો ગણશે'**



એક હિંદી ફિલ્મ અને 'વેરનો વારસ' 'મા-બાપ' 'મોટા ઘરની વહુ' 'પારકી થાપણ' 'નવરંગ ચુંદડી' 'લોહીની સગાઈ' 'સો દહાડા સાસુના, એક દહાડો વહુનો' 'હીરો ઘોઘે જઈ આવ્યો' અને 'પંખીનો માળો' ફિલ્મનું આજ સુધીમાં નિર્માણ-દિગ્દર્શન કર્યું છે.

'સાચું સગપણ' અને 'વાયા વીરમગામ' જેવી હીટ ફિલ્મોનું દિગ્દર્શન અરૂણ ભટ્ટે કર્યું છે. દિગ્દર્શક રવીન્દ્ર દવેની 'જેસલ તોરલ' ફિલ્મથી ગુજરાતી ફિલ્મોનો નવો યુગ શરૂ થયો હતો. રવીન્દ્ર દવેની લોકકથા ઉપર આધારિત ફિલ્મોએ ગુજરાતના ગામડાની પ્રજાને ફિલ્મોનું ઘેલું લગાડ્યું ત્યારે ગુજરાતના શહેરમાં વસતા મધ્યમ વર્ગને ગુજરાતી ફિલ્મ જોવાનું વ્યસન વળગાડવાનું શ્રેય અરૂણભાઈ અને કિશોર વ્યાસની ફિલ્મોને ફાળે જાય છે.

અરૂણભાઈ અને કિશોર વ્યાસ સાળા—બનેવી છે. 'પ્રકાશ પિકચર્સ'નાં બદલે 'વિજય ફિલ્મ્સ ઈન્ટરનેશનલ'ના નવા નામે સાળો-બનેવી ફિલ્મ બનાવે છે. નવી કંપનીના નેજા હેઠળ ગુજરાતી ફિલ્મોનું દિગ્દર્શન બન્ને મિત્રો એકાંતરે સંભાળે છે. અરૂણભાઈ, કિશોરભાઈ અને પટકથાકાર હરિન મહેતાની ત્રિપુટી વિજય ફિલ્મ્સના નિર્માણવાળી ગુજરાતી ફિલ્મોને માટે જોઈતી વાર્તા ખંડાલાના હિલ સ્ટેશનની 'લા તાજ હોટલ'નાં રૂમ નં. છ માં પાંચ દિવસમાં જ ઘડી નાખે છે.


દરેક દિગ્દર્શકને કોઈ ને કોઈ વહેમ હોય છે તે રીતે અરૂણભાઈ ટોપી પહેર્યા વિના ફિલ્મનું દિગ્દર્શન કરતા નથી. ટોપી ન મળે તો રૂમાલથી માથું ઢાંકીને સેટ ઉપર દિગ્દર્શન કરે છે. ૪૬ વર્ષની ઉમ્મરના અરૂણભાઈ વાંચવાનો જબરો શોખ ધરાવે છે. બહુ ઓછા ગુજરાતી નિર્માતાના મોઢેથી મોપાંસા, જહોન સ્ટેઈનબેક, દોસ્તોવસ્કીના નામ સાંભળવા મળે. અરૂણભાઈની આઠમાંથી સાત ફિલ્મો વિખૂટા પડેલા ભાઈ-બહેનોની વાર્તાવાળી છે. આથી ઘણા તેમને ગુજરાતી ફિલ્મોનાં 'મનમોહન દેસાઈ' કહે છે. તેમની મુલાકાતમાં મને લાગ્યું કે અરૂણભાઈ ગુજરાતી પ્રજાની નાડ પારખી શકે છે. અરૂણભાઈને મેં પૂછ્યું: 'લોકકથા ઉપર આધારિત 'વેરનો વારસ' ફિલ્મ બનાવ્યા પછી તમે લોકકથાને બદલે સામાજિક ફિલ્મો બનાવવી કેમ શરૂ કરી?'

જવાબ હાજર હતો: 'હું જયારે ગુજરાતી ફિલ્મોની દુનિયામાં આવ્યો ત્યારે રવીન્દ્ર દવે છવાયેલા હતા. રવીન્દ્ર દવેની ફિલ્મો જ પ્રેક્ષકો જોતા હતા. એટલે અમે પણ 'પાઘડા છાપ' પટકથા લખી. ફિલ્મ માટે ૨૬ દિવસનાં શૂટીંગ માટે વડોદરાનો લક્ષ્મી સ્ટુડિયો બુક થઈ ગયો હતો અને રાજીવ-સ્નેહલતા મળ્યા નહીં એથી ઉષા સોલંકી અને અરવિંદ ત્રિવેદીને કરારબધ્ધ કર્યા. ફિલ્મનું શૂટીંગ શરૂ થયું તેના ત્રીજે જ દિવસે મને ખબર પડી ગઈ કે મેં ખોટી પાત્રવરણી કરી છે. અરવિંદ ત્રિવેદી જબરદસ્ત કલાકાર છે, પણ મારી ફિલ્મના પાત્રમાં તે ફીટ બેસી ન



'વરદાન' ન ફળ્યું' એટલે અરૂણ ભટ્ટ ગુજરાતી ફિલ્મોના નિર્માણક્ષેત્રે ઝંપલાવ્યું.

શકે. પછી મેં રમેશ મહેતાની કોમેડી ઉપર જ વધુ ધ્યાન આપ્યું. એ ફિલ્મ પૂરી કર્યા પછી હું ઘણું શીખ્યો. રાજાના પાત્રને તો ગુજરાતી ફિલ્મમાં લેવું જ નહીં. અમારી ફિલ્મમાં ડ્રેસવાલાની દુકાનમાંથી આવેલી તલવાર બીજી અનેક ફિલ્મોમાં વપરાઈ ચૂકી હોય છે. પૈસાનો વધુ ખર્ચ કરવાનો હોતો નથી એટલે મોટા પાયા પર સગવડો ઊભી કરી શકાતી નથી. 'વેરનો વારસ' ફિલ્મ બનાવ્યા પછી



માથે ટોપી ન પહેરે ત્યાં સુધી અરૂણ સેટ પર કદમ રાખતા નથી-ટોપી ન મળે તો માથે રૂમાલ બાંધી લે છે!

મેં જોયું કે ગુજરાતમાં શૂટીંગ માટે બળદગાડા જોઈએ એટલા મળી રહે પણ દસ પાણીદાર ઘોડા માંડ માંડ મળે.

મારી ફિલ્મના રાજાને મેં પગે ચલાવ્યો હતો. 'વેરનો વારસ' ફિલ્મ ઠીક ઠીક ચાલી હતી. આથી બીજી સામાજિક વાર્તાવાળી ફિલ્મ, અસરાની અને સુષમા વર્માને લઈને બનાવી. ગુજરાતના વિતરક મનુ દફતરી કહે: 'સામાજિક



'વાચા વીરમગામ'ની કલાકાર જોડી અરવિંદ રાઠોડ-અસરાની.

ફિલ્મો તો ચાલે જ નહીં.' 'મા-બાપ' ફિલ્મ તૈયાર થઈ ગઈ છતાં કોઈ ખરીદવા આવ્યું જ નહીં. એક ગુજરાતી વિતરકે તો કહ્યું, 'લોકકથાવાળી ફિલ્મ બનાવો ત્યારે અમારી ઓફિસમાં આવજો.' એવામાં અચાનક હિંદી ફિલ્મોનાં વિતરક બી. આર. એ. એરન્ટરપ્રાઈઝવાળા રમેશ સિપ્પીનો ફોન આવ્યો. તેમણે ફિલ્મ જોઈ અને રૂ. આઠ લાખમાં ખરીદી લીધી. એ ફિલ્મે માત્ર અમદાવાદ-સર્કીટમાંથી રૂા. સાડાનવ લાખ કમાવી આપ્યા...અને હું સામાજિક ફિલ્મો બનાવતો થઈ ગયો.'

'તમે 'મા-બાપ' ફિલ્મ પછી જેટલી ગુજરાતી ફિલ્મો બનાવી તેમાં વિખૂટા પડેલા ભાઈ-બહેનની કથાવાર્તા છે. તેનું શું કારણ?'

'તમારી વાત સાચી છે. જગતની દરેક મહાન નવલકથાઓમાં એ જ વાર્તા તત્ત્વ છે. કૃષ્ણ ભગવાન જેલમાં જન્મ્યા હતા અને ગોકુળમાં ઉછર્યા હતા. 'ટેન કમાન્ડમેન્ટસ' નામની અંગ્રેજી ફિલ્મનો હીરો મોઝીસ પણ દુશ્મનોના પડાવમાં ઉછરે છે. રામાયણમાં લવ-કુશ પિતાથી દૂર રહીને મોટા થાય છે. સોહરાબ-રૂસ્તમની પણ એ જ વાર્તા છે. મનમોહન દેસાઈની ફિલ્મો પણ એટલે જ હીટ જાય છે. અંગત રીતે મને મનમોહનભાઈ ગમે છે.'

વાતનો દોર લંબાવતા અરૂણભાઈએ કહ્યું: 'પણ મનમોહન દેસાઈ ફિલ્મોમાં ભાઈ-બહેનને છૂટા પાડયા પછી તેમને ફરી મેળાપ કરાવતા પહેલાં ખૂબ મસાલો ભરે છે, જ્યારે મારી ફિલ્મોમાં ભાઈ-બહેનોને વિખૂટા પાડયા પછી તેમની લાગણીની તીવ્રતાને પરદા પર રજૂ કરું છું.'

'અરૂણભાઈ, તમે 'વરદાન' પછી કોઈ હિંદી ફિલ્મ કેમ ન બનાવી?'

'હું માનું છું કે હિંદી ફિલ્મ દુનિયામાં ફિલ્મ બનાવવાની જે પધ્ધતિ છે તે ગુજરાતીઓના સ્વભાવને અનુરૂપ નથી. મેં મોટા મોટા નિર્માતાને હીરો-હીરોઈનના મેક-અપરૂમમાં બબ્બે કલાક હીરોઈનની રાહ જોઈને બેઠેલા જોયા છે. ગુજરાતીઓને સ્વમાન બહુ વહાલું હોય છે. અમે ગુજરાતી ફિલ્મના સેટ ઉપર જઈએ તો કલાકારો તૈયાર બેઠા હોય છે પણ હિંદી ફિલ્મોનું નિર્માણ-દિગ્દર્શન કરવું હોય તો મારે હીરો કે હીરોઈનની પાછળ છ-છ મહિના ફરવું પડે. આજે વિતરકો અને કલાકારો હિંદી ફિલ્મ દુનિયાને નચાવે છે. મારી દ્રષ્ટિએ રાજ કપૂર, મનોજકુમાર, રાજ ખોસલા અને મનમોહન દેસાઈ એ લોકો જ સાચા અર્થમાં ફિલ્મી નિર્માતા કહી શકાય. તમને એક કિસ્સો જાણીને હસવું આવશે. એક જાણીતો પંજાબી નિર્માતા ગાજરના મુરબ્બાની બરણી લઈને દિલીપકુમારને ઘેર ગયો હતો. દિલીપકુમારને તેણે કહ્યું: 'યુસુફસાહબ, મેરી પત્નીને ખાસ આપકે લિયે યહ બનાયા હૈ...' આવું બધું કરવાની ગુજરાતી નિર્માતાને ફાવટ નથી.'

'ગુજરાતી ફિલ્મોમાં ગુજરાતી અભિનેતા અને અભિનેત્રીઓનો દુષ્કાળ કેમ છે?'

'આ સવાલના સાચા જવાબ માટે આ સમસ્યાના મૂળ પકડવા જોઈએ. ગુજરાતી પ્રજા મારી દ્રષ્ટિએ પોચાં હૈયાની છે. ડરે છે. ધર્મેન્દ્રએ ૧૦ વર્ષ મુંબઈમાં ભટકયા કર્યું ત્યારે માંડ સારી ફિલ્મો મળી. ગુજરાતી યુવાન માંડ દસ દિવસ ભટકી શકશે. આટલું ભટકવા કરતાં તે કાપડની દુકાનમાં સેલ્સમેન થઈને બે પૈસા કમાવાનું વધુ પસંદ કરશે. ગુજરાતી પ્રજા વેપારી માનસવાળી છે. ઉદ્યોગપતિ બનવા તે ઘણું બધું અથડાશે-કુટાશે પણ કલાકાર બનવા માટે તે સંઘર્ષ નહિ કરે. સંઘર્ષ કરશે તો પણ સમાજ તેને ગાંડો ગણશે. પંજાબની ધરતીમાં પાકેલો યુવાન પડછંદ બાંધાનો તો હોય જ છે. તેને ફિલ્મની તગડી લાઈનમાં હીરો બનવાના ચાન્સ વધુ છે. છેલ્લાં ચાર વર્ષમાં મને ૫૦૦ ગુજરાતી યુવાનોનાં ફોટા મળ્યા છે. આમાં મોટા ભાગના ઉમેદવારો લખે છે...'હું ગુજરાતના ફલાણા શહેરમાં પાનની દુકાન ચલાવું છું...મારે તમારી ફિલ્મમાં કામ કરવું છે...શીલાબહેન, જો તમે એ ફોટા જુઓ તો જરૂર ચક્કર આવી જાય. એ યુવાનને કયું પાત્ર ભજવવા આપવું તે તમે નક્કી ન કરી શકો. મારા કમનસીબે આજ સુધી હું એક પણ નવા ગુજરાતી યુવાનને તક આપી શક્યો નથી.'

'...અને અભિનેત્રીઓની તંગીની વાત તો કરવા જેવી જ નથી. મારી એક ફિલ્મ માટે અમારા મેનેજરે નિરૂપા રોયનાં ઘરે ફોન કર્યો...તેને કહ્યું—'અમે એક ગુજરાતી ફિલ્મ માટે આપને મળવા માગીએ છીએ.' વાર્તા સાંભળવાની તૈયારી બતાવ્યા વગર જ નિરૂપા રોયે કહ્યું: 'મારી સાઠ હજારની પ્રાઈસ મંજુર હોય તો જ મળવા આવજો!' અમારે પદમારાણીને તે રોલ આપવો પડયો. મારો નમ્ર અભિપ્રાય છે કે અમારી ફિલ્મના આ પાત્રને તેણે વધુ સારી રીતે ન્યાય આપ્યો હતો. તમને જાણીને નવાઈ લાગશે કે હિંદી ફિલ્મોની ચરિત્ર અભિનેત્રીઓ પણ ૬૦ વર્ષની ડોસીના પાત્ર તરીકે હોય પણ તેના માથાના વાળને પૂરી રીતે સફેદ રંગનું મેકઅપ કરવા દેતી નથી... 'બસ હો ગયા...બસ હો ગયા' એમ કહીને તે વધુ બુઢ્ઢી •

દેખાવા માગતી નથી. ગુજરાતી નાટકના તખ્તા ઉપરથી છેલ્લા થોડાં વર્ષમાં રાગિણી સિવાય કોઈ સારી અભિનેત્રી બહાર આવી નથી. સ્વરૂપ સંપતને અમે 'પંખીનો માળો' ફિલ્મમાં લેવા માટે કોશિશ કરી જોઈ. ત્યારે સ્વરૂપે કહ્યું: ગુજરાતી ફિલ્મમાં કામ કરવાની મારી ઈચ્છા નથી. બીજી બાજુ શર્મિલા ટાગોરે બંગાળી ફિલ્મોમાં કામ કરવાની કદી ના કહી નથી. ટીના મુનીમ ગુજરાતી છે. પરવીન બાબી પણ ગુજરાતી છે. છતાં ભૂલેચૂકે તેઓ ગુજરાતી ફિલ્મોમાં કામ નહીં કરે. (સ્મિતા પાટિલ તૈયાર થઈ જશે). ગુજરાતી-ઓમાં ગુજરાતીપણું રહ્યું નથી. મલ્લિકા સારાભાઈ સારી અભિનેત્રી છે પણ તે અભિનયને વફાદાર રહેવાને બદલે બીજી બાબતોમાં માથું મારશે ફિલ્મનાં દ્રશ્યોની ચર્ચા કરશે. ફિલ્મ નિર્માણમાં પંડિતાઈ બતાવવાની જરૂર નથી




'રાણો કુંવર'માં રાગિણી.

પ્રેક્ષકોને ધ્યાનમાં લઈને ફિલ્મ બનાવવી પડે છે.'

અરુણભાઈએ પોતાનો બળાપો ચાલુ રાખતાં કહ્યું. 'ગુજરાતી હીરોઈનોની તંગીનું એક બીજું કારણ એ પણ હોઈ શકે કે આપણે ત્યાં સ્ત્રીઓ અભિનયક્ષેત્રે ખેંચાઈ આવે તેવી કોઈ પરંપરા નથી. દક્ષિણ ભારતમાં સદીઓથી ભરતનાટયમનું શાસ્ત્રીય નૃત્ય સ્ત્રીઓ કરતી આવી છે. ઉત્તર પ્રદેશમાં કથ્થક નૃત્યો અને મહારાષ્ટ્રમાં લાવણી છે. આપણે ભવાઈમાં લોકનૃત્ય હોય છે પણ તેમાં માત્ર પુરૂષો જ ત્યાં અભિનય કરતા હોય છે. ગરબા અને રાસ એ સમુહનૃત્ય છે. તેમાં સ્ત્રીઓને અંગત અભિનય પીરસવાની તક હોતી નથી. આપણે ત્યાં બીજા પ્રદેશોની જેમ ગીતો ગાઈને પુરૂષોને રીઝવવાની અને ગાનારીઓની પ્રથા નથી. જો સ્ત્રીઓ માટેનું આગવું મૌલિક નૃત્ય હોત તો સ્ત્રીઓને પરંપરાગત તાલીમ મળત, અને તો ગુજરાતી હીરોઈનની તંગી ન હોત.'

'અમદાવાદ, રાજકોટ કે ભાવનગર જેવા શહેરોમાં યુવક-યુવતીઓને અભિનયની તાલીમ આપી ન શકાય?'



'મોટા ઘરની વહુ'ના રેકોર્ડિંગ પ્રસંગે શ્રી વિજય ભટ્ટ, કિશોરકુમાર, અરૂણ ભટ્ટ અને કિશોર વ્યાસ.

'જો સરકાર પૂનાની ફિલ્મ ઈન્સ્ટીટયુટ સારી રીતે ચલાવી ન શકે તો ગુજરાતમાં કલાકારો માટે તાલીમનું તૂત ઊભું કરવું તે જોખમકારક બની જાય. હું દ્રઢપણે માનું છું કે કોઈ દિગ્દર્શક, કલાકારને પેદા કરી શકતો નથી. તેને માત્ર સંવારી શકે છે, દીપાવી શકે છે. હા, કલાકારમાં છૂપી શકિત હોય તો તેને સારી ઢબે દિગ્દર્શક બહાર લાવી શકે પણ કલાકારમાં શકિત તો હોવી જ જોઈએ.'

'હિંદી ફિલ્મોમાં પણ ગુજરાતી કલાકારોનું પ્રમાણ ઘટતું જાય છે તેમાં કોનો દોષ છે?'

'મેં પહેલાં કહ્યું તેમ ગુજરાતીઓને માફક આવે એવું અહીં વાતાવરણ નથી પરંતુ ગુજરાતી પત્રકારો પણ ગુજરાતી કલાકારોને પૂરું પ્રોત્સાહન આપતા નથી. શ્રીરામ લાગુ કે સ્મિતા પાટિલ એકાદ હિંદી ફિલ્મમાં ચમકયા કે બધા પત્રકારો ભેગાં થઈને તેને ટેકો આપશે. કલાકારના અભિનયના વખાણ કરતા અસંખ્ય લેખો છાપશે. શ્રીરામ લાગુ પણ કલાકારને છાજે તેવું જ વર્તન કરશે. રૂા. ૮૦,૦૦૦ માં જો તે હિંદી ફિલ્મમાં કામ કરતા હોય તો મરાઠી ફિલ્મમાં રૂા. ૧૦,૦૦૦માં કામ કરશે. મરાઠી પત્રકારોએ જ કાશીનાથ ઘાણેકર અને નીલુ ફુલેને 'સ્ટાર' બનાવ્યા છે. ઉત્પલ દત્ત હિંદી ફિલ્મોમાં આવ્યા એટલે બંગાળી પત્રકારોએ તેની પીઠ થાબડી. ગુજરાતનાં પત્રકારો તો માત્ર ગુજરાતી ફિલ્મમાં જ કામ કરતા હોય તેવા કલાકારોને ન્યાય નથી આપતા. અરવિંદ પંડયાનું કોઈએ સન્માન કર્યું? પદમારાણી અને અરવિંદ ત્રિવેદી મરાઠી તખ્તા ઉપર હોત તો મરાઠી પ્રજા તેમને કયાંના કયાં ચઢાવી દેત. મરાઠી પત્રકારો તો કલાકારને એટલો બળવાન બનાવી દે છે કે દિલ્હીનાં સંસદસભ્યો પણ તેમનો ભાવ પૂછવા માંડે છે. મરાઠી કલાકારોની જેમ કેટલા કલાકારોનું દિલ્હીમાં રાજકીય વજન છે? અમદાવાદમાં પત્રકારો ચોખલિયા છે. 'કાશીનો દીકરો' ફિલ્મ પ્રદર્શિત થઈ ત્યારે તેનો પ્રચાર કરવા માટે નિર્માતાએ માત્ર રૂા. બે હજારનું બજેટ મંજૂર કરવા કહ્યું હતું!...જો પત્રકારો કલાકારોને ટેકો દેતા થાય તો હિંદી ફિલ્મોમાં અને ગુજરાતી ફિલ્મોનાં દરેક ક્ષેત્રમાં વધુ ગુજરાતી કલાકારો આવશે.' ●